# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 27-05-2025 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી-ગાંધીનગર:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, 'તાજેતરના ઘટનાક્રમથી સાબિત થઈ ગયું છે કે, ભારત વિરુદ્ધ પાકિસ્તાનનું યુદ્ધ ખરેખર આયોજનબદ્ધ વ્યૂહરચના છે.' ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે 'વીસ વર્ષ શહેરી વિકાસના' ઉજવણી કાર્યક્રમને સંબોધતા આજે શ્રી મોદીએ કહ્યું, છ મે-ની ઘટના બાદ ભારતે આતંકી પ્રવૃત્તિઓના પૂરાવા આપવાની જરૂર નથી. શ્રી મોદીએ કહ્યું, ભારતીય સેનાએ પાકિસ્તાનને ત્રણ વખત યુદ્ધમાં હરાવ્યું છે.

આ પ્રસંગે શ્રી મોદીએ આગામી સમયમાં થનારા શહેરી વિકાસની વ્યૂહરચના યુવા પેઢી માટે મહત્વની બની રહેશે તેમ જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, શ્રી મોદીએ આજે ગાંધીનગરમાં અંદાજે પાંચ હજાર **536** કરોડ રૂપિયાથી વધુની વિકાસ યોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. આ પરિયોજનાઓમાં શહેરી વિકાસ, માળખાકીય સુવિધા, જળ સંસાધન વ્યવસ્થા, આરોગ્ય સેવા અને મહેસુલી સેવાઓ સહિત અનેક મહત્વની પરિયોજનાઓનો સમાવેશ થાય છે.

દરમ્યાન પ્રધાનમંત્રી મોદીએ ગાંધીનગરમાં 'ઓપરેશન સિંદૂર સન્માન યાત્રાનો આરંભ કરાવ્યો હતો, જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

---

## સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ:

આતંકવાદ વિરૂધ્ધના ભારતના અભિગમની વૈશ્વિક સ્તરે જાણકારી આપવા માટે ભારતના સર્વપક્ષીય પ્રતિનિધિમંડળો વિવિધ દેશોની મુલાકાત લઈ રહ્યા છે.

આજે એક સર્વપક્ષીય સંસદીય પ્રતિનિધિમંડળે સિંગાપોરના વિદેશ અને ગૃહ રાજ્યમંત્રી સાથે મુલાકાત કરી. જયારે, સાંસદ સુપ્રિયા સૂલેના નેતૃત્વ વાળુ પ્રતિનિધિમંડળ કતારની મુલાકાત પૂર્ણ કરીને દક્ષિણ આફ્રિકા જવા રવાના થયું છે.

આ પહેલા અન્ય પ્રતિનિધિમંડળોએ દક્ષિણ કોરિયા, કુવૈત, કોંગો પ્રજાસત્તાક અને સ્લોવેનિયાના નેતાઓને આતંકવાદના કોઈપણ કૃત્યનો કડક જવાબ આપવાની ભારતની નીતિ વિશે માહિતી આપી હતી.

---

## કચ્છની ટ્રેનો બે દિવસ માટે રદ-:

કચ્છમાં રેલવે સેવા બે દિવસ માટે અસરગ્રસ્ત રહેશે તેવી પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે જાહેરાત કરી છે. સામખિયાળી-ગાંધીધામ સેક્શનના ભીમસર સ્ટેશન પર નોન-ઇન્ટરલોકિંગ કામ માટે બ્લોક લેવામાં આવ્યો છે. આ કામગીરીને કારણે કચ્છની કેટલીક મુખ્ય ટ્રેનો બે દિવસ માટે રદ્દ કરવામાં આવી છે.

**29** મે ના રોજ અમદાવાદથી ભુજ જતી નમો ભારત રેપિડ ટ્રેન રદ્દ રહેશે. **30** મે ના રોજ ભુજથી અમદાવાદ જતી નમો ભારત રેપિડ ટ્રેન પણ રદ્દ કરવામાં આવી છે. જોધપુર-ગાંધીધામ રૂટની ટ્રેન **28** અને **29** મે ના રોજ રદ્દ રહેશે તેમજ ગાંધીધામ-જોધપુર ટ્રેન **29** અને **30** મે ના રોજ દોડશે નહીં. ગાંધીધામ-પાલનપુર અને ભુજ-રાજકોટ વચ્ચે દોડતી ટ્રેનો પણ **29** અને **30** મે ના રોજ રદ્દ રહેશે.

આ બે દિવસ દરમિયાન મુસાફરો તેમની મુસાફરીનું આયોજન અન્ય વિકલ્પો દ્વારા કરે તેમ રેલવે તંત્રએ મુસાફરોને વિનંતી કરી છે.

---

## નોખાણીયા ખાતે વન કવચનું લોકાર્પણ:

રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઇ બેરાના હસ્તે ભુજ તાલુકાના નોખાણીયામાં વન કવચનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શ્રી બેરાએ તળાવના કિનારે તૈયાર થયેલું વન કવચ પશુ-પક્ષીઓ માટે ખુબ જ ઉપયોગી સાબિત થશે તેમ કહ્યું હતું. ઉલ્લેખનીય છે કે જાપાનિઝ મિયાંવાકી પધ્ધતિ મુજબ વન વિભાગ દ્વારા કચ્છ જિલ્લામાં કુલ ૧૫ હેકટર વિસ્તારમાં દોઢ લાખ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે.

---

## જસ્ટિસ નિલય અંજારિયાની ભલામણ:

મૂળ માંડવીના અને હાલ કર્ણાટક હાઈકોર્ટમાં ચીફ જસ્ટિસ તરીકે ફરજ બજાવતા જસ્ટિસ નિલય અંજારિયાની સુપ્રિમ કોર્ટના ન્યાયાધીશ તરીકે નિમણુંક માટે ભલામણ કરાઈ છે. સુપ્રિમ કોર્ટ કોલેજિયમની મળેલી બેઠકમાં શ્રી અંજારીયાના પ્રમોશન માટે આ ભલામણ કરાઈ છે.

---

## **જિલ્લાના રેશનકાર્ડધારકોને અનાજ વિતરણ:**

જિલ્લાના તમામ રેશનકાર્ડધારક લાભાર્થીઓને મે અને જુન માસના જથ્થાનું વિતરણ કરવાનું નકકી કરવામાં આવ્યુ છે. આ અનાજના જથ્થાનું વિતરણ તમામ વ્યાજબી ભાવની દુકાનેથી ચાલુમાં છે. જેથી તમામ લાભાર્થીઓએ મે તથા જુન માસના અનાજનો જથ્થો સંબંધિત વાજબી ભાવના દુકાનદાર પાસેથી તાત્કાલીક મેળવી લેવા જણાવવામાં આવ્યુ છે. તેમજ જો NFSA કાર્ડધારકોના e-KYC બાકી હોય તો તાત્કાલિક V.C.E , મામલતદાર કચેરીએ અથવા Post Office થી e-kYc પૂર્ણ કરાવી લેવા જીલ્લા પુરવઠા અધિકારી અર્શી હાશમીની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

---

## કચ્છ- મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન:

કચ્છના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને આયુષ્માન આરોગ્ય મંદિરોમાં "મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન" અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

ગાંધીધામ ખાતે તાલુકા આરોગ્ય અધિકારીના અધ્યક્ષસ્થાને "મેદસ્વિતા મુક્તિ" વિષય પર માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મેદસ્વિતાથી થતા નુકસાન, મેદસ્વિતાને કેવી રીતે ઘટાડી શકાય અને કેવી રીતે માપી શકાય, બીનચેપી રોગોથી બચાવ માટેના ઉપાયો તથા જીવનશૈલીમાં બદલાવ જેવા વિવિધ વિષયો પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

---

## બન્નીને વન અધિકાર હેઠળ માંગણી :

ભુજ તાલુકાના બન્ની વિસ્તારને કાયદાકીય દરજ્જો આપી વન અધિકાર હેઠળ રહેણાક અને ચરિયાણના હક્કો આપવા પ્રધાનમંત્રીને પત્ર લખી રજૂઆત કરાઈ છે.

ગોરેવલીના અગ્રણી બાબાખાન મુતવાએ પાઠવેલા પત્રમાં જણાવાયું છે કે, બન્ની વિસ્તારમા **19** પંચાયતો, **55** ગામ, **7500** કુટુંબો, દોઢ લાખ જેટલું પશુધન ધરાવે છે.

**1971**માં રહેણાંકનું આકારણી રજીસ્ટર બનતા તમામ ગામોના આકારણી રજીસ્ટર બનાવાયા હતા. પરંતુ બન્નીની તમામ પંચાયતો અને ગામોને વન અધિકાર હેઠળ રહેણાંકના હકકો અને ઘાસીયા મેદાનમાં ચરિયાણના હકકો આપવા માંગ કરાઈ છે.

---